શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૮ ૯

## શ્રી અંતગડદશાંગ સૂત્ર - શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર

**આશીર્વાદ**

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

**આલેખન**

- ડૉ. સાધ્વી આરતી
- સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી અંતગડ સૂત્ર

શ્રી અંતગડદશા–અંતકૃત્દશાંગ સૂત્ર આઠમું અંગ સૂત્ર છે. આ સૂત્રમાં તપ અને સંયમની સાધના દ્વારા આઠ કર્મોનો અંત કરીને, જન્મ–મરણના ચક્રનો અંત કરીને સિદ્ધ, બુદ્ધ, મુકત થયેલા ચરમ શરીરી નેવું આત્માઓનું જીવન ચરિત્ર વર્ણિત છે. ભોગાવસ્થાથી યોગાવસ્થા તરફના ગમનને દશા કહે છે. કર્મોનો અંત કરનારા, શુદ્ધાવસ્થા તરફ નિરંતર પ્રગતિ કરનારા આત્માઓનું અહીં કથન છે.

## પ્રથમ વર્ગ

આ વર્ગના દસ અધ્યયનમાં ગૌતમાદિ દશ ભાઈઓનું વર્ણન છે. બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાન આ પૃથ્વી પર વિચરતા હતા, તે સમયે બાર યોજન લાંબી, ધનપતિ કુબેરદેવના બુદ્ધિકૌશલ્યથી નિર્મિત દ્વારકા નામની નગરી હતી. તેના ઈશાન ખૂણામાં રૈવતક પર્વત હતો અને તેની ઉપર નંદનવન નામનું ઉદ્યાન હતું. દ્વારકા નગરીમાં શ્રીકૃષ્ણ વાસુદેવ રાજય કરતા હતા. તે દ્વારકા નગરીમાં યાદવોમાં જયેષ્ઠ સ્થાનીય અંધકવૃષ્ણિ રાજા અને ધારિણીદેવી રાણી રહેતા હતા. તેમને ૧) ગૌતમ, ૨) સમુદ્ર, ૩) સાગર, ૪) ગંભીર, ૫) સીમિત, ૬) અચલ, ૭) કાંપિલ્ય, ૮) અક્ષોભ, ૯) પ્રસેનજિત અને ૧૦) વિષ્ણુ નામના દશ પુત્ર

હતા. આ દશે પુત્રોના આઠ-આઠ રાજકન્યા સાથે વિવાહ થયા હતા.

એકદા દ્વારકા નગરીમાં તીર્થંકર પ્રભુ અરિષ્ટનેમિ ભગવાન પધાર્યા. ગૌતમાદિ કુમારો સમવસરણમાં ભગવાનનો ઉપદેશ સાંભળવા ગયા અને વૈરાગ્ય વાસિત થયા. દશે કુમારોએ માતા-પિતાની રજા લઈ, ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી. ગૌતમાદિ દશે મુનિઓએ અગિયાર અંગ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચોલા, માસખમણ વગેરે તપનું આચરણ કર્યું, પ્રભુની આજ્ઞા લઈ ભિક્ષુની બાર પ્રતિમાઓ વહન કરી.

બાર પ્રતિમામાં પ્રથમ પ્રતિમા (પ્રતિજ્ઞા) માં એક મહિના સુધી એક દત્તિ આહારની, એક દત્તિ પાણીની ગ્રહણ કરવામાં આવે છે. એક અખંડ ધારે જે આહાર-પાણી પ્રાપ્ત થાય તે એક દત્તિ કહેવાય છે. બીજા મહિને બે દત્તિ આહાર-પાણી, ત્રીજા મહિને ત્રણ દત્તિ આહાર-પાણી ગ્રહણ કરવામાં આવે છે. આ રીતે સાતમી પ્રતિમામાં સાતમા મહિને સાત દત્તિ આહાર-પાણીની ગ્રહણ કરવામાં આવે છે. આઠમી, નવમી અને દસમી પ્રતિમા સાત-સાત દિવસની હોય છે અને તેમાં એકાંતર ઉપવાસ કરવાના હોય છે. અગિયારમી પ્રતિમામાં છઠ ઉપવાસ સહિત એક અહોરાત્ર કાયોત્સર્ગ કરવાનો હોય છે અને બારમી પ્રતિમામાં અટ્ઠમ તપ સહિત એક રાત્રિનો કાયોત્સર્ગ કરવાનો

હોય છે. બાર ભિક્ષુ પ્રતિમાનું વહન કર્યા પછી ગૌતમાદિ દશે મુનિઓએ અરિષ્ટનેમિ ભગવાનની આજ્ઞા લઈ ગુણરત્નસંવત્સર તપની આરાધના કરી.

ગુણરત્નસંવત્સર તપ સોળ મહિના અર્થાત્ એક વરસ અને ચાર મહિને પૂર્ણ થાય છે. તેમાં પહેલા મહિને એકાંતર ઉપવાસ, બીજા મહિને છઠના પારણે છઠ, ત્રીજા મહિને અઠ્ઠમના પારણે અઠ્ઠમ, ચોથા મહિને ચોલાના પારણે ચોલા કરે છે. આ રીતે ક્રમશઃ ચડતા ક્રમે આગળ વધતા સોળમા મહિને સોળ ઉપવાસના પારણે સોળ ઉપવાસ કરે છે.

આ રીતે ગૌતમ આદિ દશે મુનિઓએ બાર વર્ષ પર્યંત તપ આરાધના કરી શેત્રુંજય પર્વત ઉપર એક માસનું અનશન (સંથારો) કરી, સર્વ કર્મોનો ક્ષય કરી, સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા.

## બીજો વર્ગ

આ વર્ગનાં આઠ અધ્યયનમાં આઠ મહાત્માના જીવનનું વર્ણન છે. દ્વારકા નગરીમાં વૃષ્ણિ પિતા અને ધારિણી માતાના ૧) અક્ષોભ, ૨) સાગર, ૩) સમુદ્ર, ૪) હિમવંત, ૫) અચલ, ૬)ધરણ, ૭) પૂરણ, ૮) અભિચંદ્ર, આ આઠે ભાઈઓએ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષા અંગીકાર કરી, ૧૧ અંગનો અભ્યાસ કરી, ૧૨ પ્રતિમા, ગુણરત્નસંવત્સર તપની આરાધના

કરી, શેત્રુંજય પર્વત ઉપર એક માસનો સંથારો કરી, ૧૬ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કરી નિર્વાણને પ્રાપ્ત થયા.

## ત્રીજો વર્ગ

આ વર્ગનાં તેર અધ્યયનમાં ૧) અનીયસ, ૨) અનંતસેન, ૩) અનિહત, ૪) વિદ્વત, ૫) દેવયશ અને ૬) શત્રુસેન ૭) સારણ ૮) ગજસુકુમાલ ૯) સુમુખ ૧૦) દુર્મુખ ૧૧) કૂપક ૧૨) દારુક ૧૩) અનાદષ્ટિકુમાર, આ તેર મહાત્માના જીવનનું વર્ણન છે. તેમાંથી પ્રથમ વસુદેવ અને દેવકીના આ છએ પુત્રો (શ્રી કૃષ્ણના ભાઈઓ) ભદ્દિલપુર નગરના નાગ ગાથાપતિ અને સુલસાને ત્યાં મોટા થયા હતા. તેઓ ૭૨ કળાઓમાં નિપુણ હતા. ઈભ્ય (શ્રેષ્ઠી) કુળની સમાન વય, રૂપ, લાવણ્ય અને સમાન ગુણવાળી ૩૨ કન્યાઓ સાથે તેમના વિવાહ થયા હતા.

**અનીયસાદિ છ** – એકદા સમયે ભદ્દિલપુર નગરીના શ્રીવન ઉદ્યાનમાં ભગવાન અરિષ્ટનેમિ પ્રભુ પધાર્યા. ભગવાનની દેશના (ઉપદેશ) સાંભળી, અનીયસ આદિ છએ કુમારો સંસારથી વિરકત બન્યા અને ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. તેઓએ ૧૪ પૂર્વ સહિત બાર અંગ શાસ્ત્રનો અભ્યાસ કર્યો, ૨૦ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી, એક માસના સંથારા સહિત, સર્વ કર્મનો ક્ષય કરી, શેત્રુંજય પર્વત ઉપરથી સિદ્ધગતિને પામ્યા.

**સારણાદિ ત્રણ** – વસુદેવ અને ધારિણીના પુત્ર (શ્રીકૃષ્ણના અપર ભાઈ) ૧) સારણકુમાર, ૨) દારુકકુમાર, ૩) અનાદષ્ટિકુમાર, આ ત્રણે કુમારોના ૫૦–૫૦ કન્યાઓ સાથે વિવાહ થયા. તેઓ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થયા, ૧૪ પૂર્વના જ્ઞાતા થયા અને એક માસનો સંથારો કરી, ૨૦ વર્ષ સુધી સંયમનું પાલન કરી શેત્રુંજય પર્વત ઉપરથી સિદ્ધ થયા.

**ગજસુકુમાલમુનિઃ** ભદ્દિલપુર નગરીમાં નાગગાથાપતિ અને સુલસાના અનીયસકુમાર આદિ છ પુત્રોએ દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસથી ભગવાનની આજ્ઞા લઈ જીવન પર્યંત છઠના પારણે છઠ કરવાનો સંકલ્પ કર્યો. એકદા છઠના પારણાના દિવસે છએ મુનિરાજોએ દિવસના પ્રથમ પ્રહરમાં – વિભાગમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન અને ત્રીજા પ્રહરમાં વસ્ત્ર–પાત્રાનું પ્રતિલેખન કરી (જોઈ–પોંજી) ને બે–બે ના ત્રણ સંઘાડા (ગ્રુપ)માં ભિક્ષાર્થે દ્વારકામાં ગયા. બે મુનિરાજો ગોચરી અર્થે ફરતાં–ફરતાં વાસુદેવ અને દેવકીમાતાના મહેલમાં પધાર્યા. દેવકીમાતાએ પ્રસન્ન ચિત્તે બંને મુનિરાજોને સિંહકેસરી લાડવાનું આહારદાન આપ્યું. તે મુનિરાજોના ગયા પછી બીજા બે મુનિરાજો ત્યાં પધાર્યા અને દેવકીમાતાએ પ્રસન્નચિત્તે આહારદાન આપ્યું. તેઓના ગયા પછી અન્ય બે મુનિરાજો ત્યાં પધાર્યા. દેવકીમાતાએ તેઓને પણ પ્રસન્નચિત્તે આહારદાન આપ્યું અને તત્પશ્ચાત્ મુનિરાજોને પૂછયું

કે હે મુનિરાજો ! કૃષ્ણ વાસુદેવની અલ્કાપુરી જેવી આ દ્વારકા નગરીમાં શું આહાર-પાણી પ્રાપ્ત થતાં નથી કે જેથી પૂર્વે ગ્રહણ કરેલા ઘરમાં પુનઃ પુનઃ આહાર ગ્રહણ કરવા આવવાનું થાય છે ? મુનિરાજોને વસ્તુસ્થિતિનો ખ્યાલ આવી ગયો. તેઓએ દેવકીમાતાને કહ્યું કે હે દેવાનુપ્રિય ! કૃષ્ણ વાસુદેવની અલ્કાપુરી જેવી આ દ્વારકા નગરીમાં સાધુઓને ગોચરી પાણી મળતા નથી, તેમ નથી, એક જ ઘરમાં બીજી-ત્રીજી વાર જવું પડે તેમ પણ નથી. વાસ્તવમાં અમે નાગગાથાપતિ સુલસાના આત્મજ સહોદર ભાઈઓ છીએ. સમાન આકૃતિ, રૂપ-લાવણ્યવાળા અમે છ ભાઈઓ ભગવાન અરિષ્ઠનેમિ પાસે દીક્ષિત થયા છીએ. નિરંતર છઠના પારણે છઠ કરવાના સંકલ્પબદ્ધ અમે આજે છઠના પારણે બે-બે મુનિરાજો ત્રણના સંઘાડામાં ભિક્ષાર્થે નીકળ્યા છીએ. ફરતાં-ફરતાં અમે બધા તમારા ઘેર પહોંચ્યા છીએ. પહેલા જે મુનિરાજો આવ્યા, તે અમે નથી. અમે બીજી-ત્રીજી વાર તમારે ઘેર આવ્યા નથી. આ રીતે દેવકીમાતાની શંકાનું સમાધાન કરી મુનિરાજો સ્વસ્થાને ગયા.

તે સમયે દેવકીમાતાને સ્મૃતિ થઈ કે તેના વિવાહ સમયે અતિમુકતકમુનિએ કહ્યું હતું કે તું એક સમાન, નળકુબેર જેવા આઠ પુત્રોની માતા થઈશ. આખા ભારત વર્ષમાં બીજી કોઈ એવી માતા નહીં હોય કે જે એક સમાન આકૃતિ, રૂપ, લાવણ્યવાળા

પુત્રોની માતા હોય, તેઓનું વચન મિથ્યા થયું છે. અન્ય માતાએ પણ એક સમાન આકૃતિ, રૂપ, લાવણ્યવાળા પુત્રોને જન્મ આપ્યો છે, માટે હવે અરિષ્ટનેમિ ભગવાન પાસે જઈને તેનો નિર્ણય કરું. આ પ્રમાણે વિચારીને દેવકીમાતા શ્રેષ્ઠ બળદવાળા રથમાં બેસીને ભગવાન અરિષ્ટનેમિ સમીપે આવ્યા. ભગવાને દેવકીમાતાને પૂછયું કે આજે છ અણગારોને જોઈને તમારા મનમાં શું અતિમુકતકમુનિના વચન મિથ્યા છે, તેવી શંકા ઉત્પન્ન થઈ છે ? દેવકીમાતાએ કહ્યું – હા પ્રભુ ! આપનાથી શું અજ્ઞાત હોય ? આપે જે કહ્યું તે સત્ય છે.

દેવકીમાતાનું સમાધાન કરતાં ભગવાને કહ્યું કે ભદ્દિલપુર નગરમાં નાગગાથાપતિ અને સુલસા રહે છે. સુલસાને બાલ્યાવસ્થામાં કોઈ નિમિત્તકે કહ્યું હતું કે તે નિંદૂ– મૃત્વત્સા થશે અર્થાત્ મૃત બાળકોને જન્મ આપશે, તેથી સુલસા બાલ્યકાળથી જ હરિણૈગમેષી દેવની ભકિત કરવા લાગી. સુલસાની ભકિતથી દેવ પ્રસન્ન થયા. સુલસાની ભકિતથી પ્રેરાઈને દેવ સુલસાને અને તને (દેવકીને) સાથે જ ઋતિમતિ કરતા હતા. તેથી તમને બંનેને સાથે જ ગર્ભધારણ અને સાથે જ પ્રસવ થયો હતો. હરિણૈગમેષી દેવ સુલસાના મૃત બાળકને તારી પાસે અને તારા બાળકને સુલસા પાસે મૂકી દેતો હતો. હે દેવકી ! આ છએ અણગારો તારા જ

અંગજાત પુત્રો છે. અતિમુકતકમુનિનું વચન મિથ્યા નથી, સત્ય જ છે. ત્યારપછી દેવકીમાતા છ એ અણગાર પાસે આવ્યા, તેમને વંદન નમસ્કાર કર્યા અને પુત્ર સ્નેહથી તેમનું માતૃત્વ વહેવા લાગ્યું, રોમરાજી વિકસ્વર બની ગઈ. પુત્ર અણગાર તથા અરિષ્ટનેમિ ભગવાનના દર્શન કરી, તેઓ સ્વમહેલમાં પાછા આવ્યા. તે સમયે દેવકીમાતાને વિચાર આવ્યો કે મેં નળકુબેર જેવા સાત–સાત પુત્રોને જન્મ આપ્યો પરંતુ મેં એક પણ બાળકની બાળક્રીડાને અનુભવી નથી. આ કૃષ્ણ વાસુદેવ પણ છ–છ મહિને ચરણવંદન માટે આવે છે. તે માતાઓને ધન્ય છે કે જેઓ પોતાના બાળકોને પયપાન કરાવે છે, રમાડે છે, હું અધન્યા છું કે મેં બાળ ક્રીડાનો આનંદ માણ્યો નથી. આવા વિચારથી તેઓ શોકમગ્ન, ઉદાસ રહેવા લાગ્યા.

કૃષ્ણ વાસુદેવ માતાને વંદન કરવા આવ્યા ત્યારે માતાને ઉદાસ જોઈને તે ઉદાસીનતાનું કારણ પૂછયું અને માતાએ પોતાની ઉદાસીનતાનું કારણ જણાવ્યું ત્યારે કૃષ્ણ મહારાજે માતાની પ્રસન્નતા માટે, લઘુભ્રાતાની પ્રાપ્તિ માટે હરિણૈગમેષી દેવનું ધ્યાન ધરી અટ્ઠમ પૌષધ કર્યો અને અટ્ઠમ પૂર્ણ થતાં હરિણૈગમેષી દેવે પ્રગટ થઈને પૂછયું, તમારી કઈ ઈચ્છા પૂર્ણ કરું ? કૃષ્ણ વાસુદેવે નાનો સહોદર ભાઈ પ્રાપ્ત થાય, તેવી ઈચ્છા દેવ સમક્ષ

પ્રગટ કરી. દેવે અવધિજ્ઞાનથી ભાવિ જોઈને કૃષ્ણ મહારાજાને કહ્યું કે દેવલોકમાંથી એક દેવ ચ્યવીને તમારો સહોદર લઘુભ્રાતા થશે પરંતુ બાલ્યાવસ્થા પૂર્ણ થતાં યુવાવસ્થાને પ્રાપ્ત તે તમારો ભાઈ દીક્ષા ગ્રહણ કરશે. કૃષ્ણ મહારાજાએ માતાને આ વાતથી વિદિત કર્યા.

એકદા સમયે દેવકી માતાએ સિંહનું સ્વપ્ન જોયું અને ગર્ભને ધારણ કર્યો અને યથાસમયે ઊગતા સૂર્ય જેવા વર્ણવાળા, સુકોમળ હાથ-પગવાળા પુત્રને જન્મ આપ્યો. આ બાળક હાથીના તાળવા જેવો અત્યંત સુકોમળ હોવાથી તેનું નામ ગજસુકુમાલ રાખ્યું. સમય જતાં આ બાળક યુવાવસ્થાને પ્રાપ્ત થયો.

તે દ્વારકા નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો તે ચાર વેદનો જ્ઞાતા હતો. તેની સોમશ્રી નામની પત્ની અને સોમા નામની કન્યા હતી. તે સોમા કન્યા એકદા રાજમાર્ગ ઉપર સોનાના દડાથી રમતી હતી. શ્રીકૃષ્ણવાસુદેવ નાનાભાઈ ગજસુકુમાલને સાથે લઈને અરિષ્ટનેમિ ભગવાનને વંદન કરવા જતા હતા, તે સમયે તેઓએ રાજમાર્ગ ઉપર રમતી સોમા કન્યાને જોઈ, સોનાનું રૂપ, લાવણ્ય અને યૌવન જોઈને કૃષ્ણ વાસુદેવ આશ્ચર્યચકિત થઈ ગયા. તેઓએ સોમિલ બ્રાહ્મણ પાસે ગજસુકુમાલ માટે સોમાની યાચના કરાવી અને કન્યાના અંતઃપુરમાં રાખી.

શ્રીકૃષ્ણ, ગજસુકુમાલ વગેરે સહસામ્રવન ઉદ્યાનમાં પ્રભુ સમીપે આવ્યા અને ૧) **સચિત્તત્યાગ** – ફૂલ, ફળ વગેરે સચિત્ત વસ્તુને મૂકી દેવી, ૨) **અચિત્તત્યાગ (વિવેક)** – ચંપલ, ખાદ્યસામગ્રી, શસ્ત્ર વગેરે મૂકી દેવા, ૩) **ઉત્તરાસંગ** – દુપટ્ટો વસ્ત્ર આદિ મુખ આડે રાખવા, ૪) **અંજલીગ્રહણ** – પ્રભુ દેખાય ત્યાંથી હાથ જોડવા અને ૫) **એકાગ્રતા** – મનને પ્રભુમાં એકાગ્ર કરવા રૂપ પાંચ અભિગમપૂર્વક પ્રુભુને વંદન – નમસ્કાર કરી, દેશના સાંભળી. પ્રભુની દેશના સાંભળતા જ ગજસુકુમાલને વૈરાગ્ય જાગૃત થયો. તેને પ્રભુ સમક્ષ પોતાના ભાવ પ્રગટ કરતાં કહ્યું – હે ભગવાન ! હું નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરુ છું, પ્રતીતિ કરું છું. મને નિર્ગ્રંથ પ્રવચન ઉપર રુચિ છે, હું તેને અંગીકાર કરવા ઈચ્છું છું. માતા-પિતાની આજ્ઞા લઈ હું અણગાર બનવા ઈચ્છું છું. ભગવાને કહ્યું – જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મકાર્યમાં વિલંબ ન કરો.

ત્યારપછી ગજસુકુમાલે માતા-પિતા સમક્ષ આવી હૃદયભાવ રજૂ કર્યા કે મેં ભગવાન અરિષ્ટનેમિ પાસે ધર્મ સાંભળ્યો, મને તે ગમ્યો છે. માતા-પિતાએ તેની ધર્મરૂચિની અનુમોદના કરી, ત્યારે ગજસુકુમાલે દીક્ષા લેવાના ભાવો પ્રગટ કર્યા. ગજસુકુમાલના દીક્ષા લેવાના ભાવ જાણી તેઓ રૂદન કરવા લાગ્યા. પુત્રને ભોગની લાલચ આપી પણ ગજસુકુમાલ તેમાં

લલચાયા નહી, તેઓએ મનુષ્ય જીવનની દુર્લભતા અને અનિત્યતા સમજાવી. માતાએ સંયમ જીવનના કષ્ટો પ્રદર્શિત કર્યા. ગજસુકુમાલે જણાવ્યું કે કાયર માટે સંયમ જીવન કઠિન છે. શૂરવીર, દઢ સંકલ્પી માટે સંયમ જીવન દુષ્કર નથી. કૃષ્ણ વાસુદેવે લઘુબંધુને રાજયશ્રી ભોગવવા કહ્યું, પોતે તેનો રાજયાભિષેક કરશે, તેમ કહ્યું ત્યારે ગજસુકુમાલે શરીરની અશુચિતા, નશ્વરતા બતાવી અને દીક્ષા માટે આજ્ઞા આપવાની વારંવાર વિનંતી કરી. ગજસુકુમાલને સમજાવવા સમર્થ ન થયા ત્યારે માતા–પિતાએ તેના એક દિવસનો રાજવૈભવ જોવા ઈચ્છા પ્રગટ કરી અને ગજસુકુમાલનો કૃષ્ણે રાજ્યાભિષેક કર્યો. ગજસુકુમાલ રાજાએ દીક્ષા માટે રજોહરણ, પાત્રાદિ મંગાવ્યા. હજાર પુરુષ દ્વારા વહન કરાતી શિબિકામાં આરુઢ કરી સહસ્રામ્રવન ઉદ્યાનમાં લઈ આવ્યા અને ભગવાન અરિષ્ટનેમિએ ગજસુકુમાલને દીક્ષા આપી.

ગજસુકુમાલમુનિ દીક્ષાના દિવસે જ ચોથા પ્રહરે ભગવાનની આજ્ઞાપૂર્વક મહાકાલ સ્મશાનમાં એક રાત્રિની ભિક્ષુપ્રતિમાની આરાધના કરવા ગયા. સોમિલ બ્રાહ્મણ હવન સામગ્રી લઈને પાછો ફરતો હતો ત્યારે તેણે ત્યાં ગજસુકુમાલ મુનિને ધ્યાનસ્થ અવસ્થામાં જોયાં. તેને જોઈને સોમિલ ક્રોધથી ધમધમી ઉઠયો. મારી પ્રાણપ્યારી પુત્રી સોમાના કોઈ દોષ વિના

તેનો ત્યાગ કરી, આ સાધુ બની ગયો. આના વેરનો બદલો લઉં, તેમ વિચારી, તળાવની ભીની માટીથી મુનિના માથા ઉપર પાળ બાંધી અને બળતી ચિતામાંથી ધગધગતા અંગારા મુનિના મસ્તક ઉપર નાંખી દીધા અને શીઘ્ર ત્યાંથી ભાગી ગયો.

અંગારાના તાપથી મુનિને અસહ્ય વેદના ઉત્પન્ન થઈ મસ્તક તાંબાના રસની જેમ પીગળવા લાગ્યુ, તડતડ અવાજ કરી નસો તૂટવા લાગી પરંતુ ગજસુકુમારમુનિ સોમિલ ઉપર લેશમાત્ર દ્વેષ ન કરતાં ભયંકર વેદનાને સમભાવપૂર્વક સહન કરવા લાગ્યા. ક્ષપક શ્રેણી ઉપર આરુઢ મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને કર્મોનો અંત કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા.

ગજસુકુમાલ મુનિની દીક્ષાના બીજા દિવસે શ્રીકૃષ્ણ વાસુદેવ ભગવાનના દર્શનાર્થે આવવા નીકળ્યા. માર્ગમાં એક વૃદ્ધપુરુષ એક-એક ઈંટ ઉપાડીને બહારથી અંદર મૂકતો હતો. શ્રીકૃષ્ણે એક ઈંટ ઉપાડી અંદર મૂકી દીધી. તે જોઈને સર્વ દરબારી, સૈનિકોએ પણ એક-એક ઈંટ મૂકી. પરિણામે વૃદ્ધની બધી ઈંટો ઉપાડાઈ ગઈ. ત્યારપછી શ્રીકૃષ્ણ પ્રભુ સમીપે પહોંચ્યા અને પ્રભુને વંદન કરી નવદીક્ષિત ભાઈને જોવા ચારેબાજુ નજર કરી પણ તેઓ દેખાયા નહી. ભગવાન ! મારા સહોદર નાનાભાઈ અણગારના દર્શન કરવા ઈચ્છું છું, તેઓ કયા છે ?

ભગવાને કહ્યું – જે પ્રયોજન માટે સંયમ લીધો હતો તે પ્રયોજન તેણે સિદ્ધ કરી લીધુ છે, તેમ કહી સર્વવૃત્તાંત જણાવ્યો. આ સાંભળી ક્રોધિત બનેલા શ્રીકૃષ્ણને ભગવાને શાંત કરતાં કહ્યું, જેમ તમે રસ્તામાં વૃદ્ધ પુરુષને સહાયક થયા છો, તેમ ગજસુકુમાલ મુનિને પરમપદ પ્રાપ્તિમાં તે પુરુષ સહાયક થયો છે, તમે ક્રોધ ન કરો.

તે પુરુષની ઓળખાણ શું ? તેમ શ્રીકૃષ્ણે પૂછયું ત્યારે પ્રભુએ કહ્યું, તમે નગરમાં પ્રવેશ કરો ત્યારે તમને જોઈને જે ઊભા–ઊભા જ મૃત્યુને પ્રાપ્ત થઈ જાય, તે ગજસુકુમાલ મુનિના અકાલે પ્રાણરહિત કરનારા જાણજો. સવારે સોમિલ બ્રાહ્મણને થયું કે ભગવાન પાસેથી બધુ જાણી શ્રીકૃષ્ણ મને કમોતે મારી નાંખશે. તેઓ રાજમાર્ગથી આવશે માટે નાની ગલીમાંથી તે દ્વારકા છોડી ભાગી જવા વિચારવા લાગ્યો અને તેમ ભાગવા જતાં શ્રીકૃષ્ણની સામે આવી ગયો અને ભયથી મૃત્યુને પ્રાપ્ત થયો.

**સુમુખાદિ ત્રણ :** શ્રીકૃષ્ણના વડિલબંધુ બળદેવરાજા અને ધારિણીના પુત્રો સુમુખ, દુર્મુખ અને કૂપક, આ ત્રણે પુત્રનું ૫૦ કન્યા સાથે પાણીગ્રહણ થયું. વૈરાગ્યને પ્રાપ્ત થઈ તેઓ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થયા, ચૌદ પૂર્વના અભ્યાસી થયા અને અંતે એક મહિનાનો સંથારો કરી શેત્રુંજય પર્વત ઉપર સિદ્ધ થયા.

## ચોથો વર્ગ

આ વર્ગના દસ અધ્યયનમાં જાલિકુમાર આદિ દશ યાદવકુમારોનું વર્ણન છે. વસુદેવ અને ધારિણીના સુપુત્રો ૧) જાલિકુમાર ૨) મયાલિ ૩) ઉવયાલિ ૪) પુરિષસેન અને ૫) વારિસેન ૬) શ્રીકૃષ્ણ અને રુકમણિના પુત્ર પ્રદ્યુમ્નકુમાર ૭) શ્રી કૃષ્ણ અને જાંબવતીના પુત્ર શાંબકુમાર ૮) પ્રદ્યુમ્ન અને વૈદર્ભીના પુત્ર અનિરુદ્ધકુમાર તથા ૯-૧૦) સમુદ્રવિજય અને શિવાદેવીના પુત્ર (ભગવાન અરિષ્ટનેમિના ભાઈ) સચ્ચનેમિ તથા દઢનેમિ, આ સર્વ રાજકુમારો ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થયા, દ્વાદશાંગીનો અભ્યાસ કરી, એક મહિનાનું અનશન વ્રત કરી શેત્રુંજય પર્વત ઉપરથી સિદ્ધ-બુદ્ધ-મુકત થયા.

## પાંચમો વર્ગ

આ વર્ગના દસ અધ્યયનમાં પદ્માવતી આદિ રાણીના સંયમ જીવનનું વર્ણન છે. એકદા શ્રીકૃષ્ણે ભગવાન અરિષ્ટનેમિને દ્વારકા નગરીના વિનાશનું કારણ પૂછ્યું. પ્રભુએ સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિના કોપના કારણે દ્વારકાનો વિનાશ થશે, તેમ જણાવ્યું. તે સાંભળી શ્રીકૃષ્ણ વિચારવા લાગ્યા કે જાલિકુમાર વગેરેએ દીક્ષા ગ્રહણ કરી છે, તેમને ધન્ય છે. હું કામભોગમાં, રાજયમાં મૂર્ચ્છિત છું, હું અધન્ય છું કે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી

શકતો નથી. વાસુદેવ પૂર્વભવમાં પ્રતિવાસુદેવને મારવાનું નિયાણું (સંકલ્પ) કરીને આવેલા હોય છે, તેથી સંયમ સ્વીકાર કરી શકતા નથી, તેવું પ્રભુ પાસેથી સાંભળી તેઓ સંયમની અનુમોદના કરવા લાગ્યા. જેઓ સંયમ લેવા તૈયાર થાય તેને આજ્ઞા આપી તેની સર્વ જવાબદારી પોતે સ્વીકારવા લાગ્યા.

ભગવાનના ધર્મોપદેશથી શ્રીકૃષ્ણના મહારાણી ૧) પદ્માવતી, ૨) ગૌરી ૩) ગાંધારી ૪) લક્ષ્મણા ૫) સુસીમા, ૬) જાંબવતી, ૭) સત્યભામા ૮) રુકિમણી અને પુત્રવધુ (શાંબકુમારના પત્ની) ૯) મૂલશ્રી અને ૧૦) મૂલદત્તા વૈરાગ્યવાન બન્યા. શ્રીકૃષ્ણની આજ્ઞા લઈ યક્ષિણી નામના સાધ્વી પાસે દીક્ષિત થયા. ૧૧ અંગનો અભ્યાસ કર્યો. વિવિધ પ્રકારનું તપ કરી, ૨૦ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી, એક માસનો સંથારો કરી, સર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિને પામ્યા.

## છઠ્ઠો વર્ગ

આ વર્ગના સોળ અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીના સમયના મકાઈ આદિ સોળ અંતકૃત કેવળીઓનું વર્ણન છે. રાજગૃહનગરીના ૧) મકાઈ ૨) કિંકમ ૩) કાશ્યપ ૪) વારત્તક અને ૫) મેઘ ગાથાપતિ ૬) કાંકદીનગરીના ક્ષેમક અને ૭) ધૃતિધર, ૮) સાકેતપુર નગરના, કૈલાસ અને

૯) હરિચંદન ગાથાપતિ ૧૦) વાણિજય ગ્રામના સુદર્શન અને ૧૧) પુણ્યભદ્ર ૧૨) શ્રાવસ્તી નગરીના સુમનભદ્ર અને ૧૩) સુપ્રતિષ્ઠિત ગાથાપતિ, આ તેર આત્માઓ ભગવાન મહાવીરસ્વામી પાસેથી ધર્મોપદેશ સાંભળી વિરકત બની, જયેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપી ભગવાન સમીપે દીક્ષિત થયા. અગિયાર અંગ શાસ્ત્રનો અભ્યાસ કરી મકાઈ આદિ સાત મુનિઓ ૧૬ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી, કૈલાસ આદિ ત્રણ મુનિઓ બાર વર્ષની સંયમ પર્યાયનું, સુદર્શન આદિ બે મુનિઓ પાંચ વર્ષની અને સુપ્રતિષ્ઠિત મુનિ ૨૭ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી વિપુલગિરિ ઉપર અનશન કરી સિદ્ધ થયા.

**અર્જુનમાળી** – રાજગૃહ નગરમાં અર્જુન નામનો માલાકાર (માળી) અને તેની બંધુમતી પત્ની હતી. તે માળીને પોતાનો એક પુષ્પનો મોટો બગીચો હતો. તેમાં મુદ્ગરપાણી નામના યક્ષનું મંદિર હતું. અર્જુનમાળી આ યક્ષનો ઉપાસક હતો. દરરોજ તે યક્ષની પૂજા કરતો. રાજગૃહ નગરમાં એક મંડળી હતી. રાજાનું ઈચ્છિત કામ કરી આપવાથી તેઓને રાજા તરફથી અભય મળી ગયુ હતું, તેથી તે મંડળીના સભ્યો સ્વચ્છંદી બની ગયા હતા.

એકદા અર્જુનમાળી અને બંધુમતી યક્ષમંદિરમાં પૂજા કરવા આવ્યા ત્યારે તે મંડળી ત્યાં આવી પહોંચી. આ મંડળીના

છ પુરુષોએ અર્જુનમાળીને પકડી, અવળે હાથે બાંધી, એક તરફ પછાડી દીધો અને બંધુમતી સાથે કામક્રીડા કરવા લાગ્યા. તે સમયે અર્જુન વિચારવા લાગ્યો કે વર્ષોથી હું મુદ્ગરપાણી યક્ષની પૂજા કરું છું પણ આજે જણાય છે કે યક્ષ હાજર નથી. આ તો માત્ર લાકડું છે, કાષ્ટ પ્રતિમા છે. ખરેખર યક્ષ હાજર હોય, તો તે આ જોઈ કેમ શકે ? અર્જુનના આવા મનોગત ભાવોને નિહાળી, યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો, બંધનો તડાતડ તોડી નાખ્યાં અને યક્ષથી આવિષ્ટ અર્જુને મુદ્ગર લઈ છ પુરુષ અને બંધુમતીને મારી નાંખ્યા અને ત્યારપછી પ્રતિદિન છ પુરુષ અને એક સ્ત્રીને મારવા લાગ્યો. અર્જુનમાળીની રોજની સાત જીવની હત્યાના કારણે લોકોએ ફળફૂલાદિ લેવા માટે રાજગૃહ બહાર નીકળવાનું બંધ કરી દીધું. રાજગૃહમાં સુદર્શન નામના શ્રાવક રહેતા હતા તે સમયે (અર્જુનના ઉપદ્રવ સમયે) ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરમાં પધાર્યા.

સુદર્શન શ્રેષ્ઠી ભગવાનના પદાર્પણને જાણીને, પ્રભુના દર્શન કરવા માટે નીકળ્યા. માતા-પિતાએ અર્જુનમાળીની હત્યા યાદ કરાવી ન જવા કહ્યું પણ સુદર્શન પોતાના વિચારમાં દૃઢ રહ્યા. તેઓ નગરમાંથી બહાર નીકળ્યા અને યક્ષનાં મંદિર સુધી પહોંચ્યાં. મુદ્ગરપાણી યક્ષ ક્રોધિત થયો અને મુદ્ગર ઉછાળતો

સુદર્શન તરફ આવવા લાગ્યો. તેને આવતો જોઈને સુદર્શને સાગારી સંથારો કરી લીધો અને કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા. યક્ષ સુદર્શનને મારી ન શકયો કે પરાજિત કરી ન શકયો, ત્યારે યક્ષ અર્જુનમાળીના શરીરનો ત્યાગ કરી ત્યાંથી ચાલ્યો ગયો અને અર્જુનમાળી ધડામ કરતો પડી ગયો. સુદર્શને પોતાને ઉપસર્ગ રહિત જાણી સંથારો પૂર્ણ કર્યો. અર્જુન પણ સુદર્શન સાથે પ્રભુના દર્શનાર્થે આવ્યો. પ્રભુની દેશના સાંભળી પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી, જીવન પર્યંત છઠના પારણે છઠ કરવાનો સંકલ્પ કરી, તેઓ વિચરવા લાગ્યા. પૂર્વે જેના સ્વજનોને અર્જુને માર્યા હતા, તેઓ તરફથી અર્જુનમુનિને ઉપસર્ગો આવવા લાગ્યા, લોકો મુનિને મારવા લાગ્યા. લોકોથી તિરસ્કૃત, તાડિત, તર્જિત થવા છતાં અર્જુનમુનિ મનથી પણ તેઓ ઉપર દ્વેષ કરતા નહીં, સમભાવથી ઉપસર્ગો, પરિષહો સહન કરતાં અર્જુનમુનિ છ માસની સંયમ પર્યાયનું પાલન કરી, ૧૫ દિવસનો સંથારો કરી સિદ્ધગતિને પામ્યા.

**અતિમુકતકકુમાર** – પોલાસપુર નગરમાં વિજયરાજા, શ્રીદેવી રાણી અને તેમનો અતિમુકતક નામનો પુત્ર રહેતા હતા. એકદા ભગવાન મહાવીર સ્વામી પોલાસપુરના શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા, ગૌતમસ્વામી ભિક્ષા માટે નીકળ્યા. અતિમુકતકકુમાર

અન્ય બાળકો સાથે રમતા હતા. તેણે ત્યાંથી પસાર થતાં ગૌતમસ્વામીને જોયા અને તેમની પાસે આવી પૂછયું, આપ કોણ છો અને શા માટે ફરી રહ્યા છો ? બાળકની જિજ્ઞાસાનું સમાધાન કરતાં ગૌતમ સ્વામીએ કહ્યું–અમે શ્રમણ,નિર્ગ્રંથ છીએ અને હું ભિક્ષા માટે ફરું છું. અતિમુકતકકુમારે કહ્યું–એમ હોય તો ચાલો મારી સાથે, હું આપને ભિક્ષા અપાવું તેમ કહી, ગૌતમસ્વામીની આંગળી પકડી પોતાના મહેલમાં લઈ ગયા અને શ્રીદેવી રાણીએ ગૌતમસ્વામીને આહારદિનું દાન આપ્યું. ગૌતમસ્વામીને અતિમુકતકે પુનઃ પૂછયું–આપનું નિવાસ સ્થાન કયા છે ? ગૌતમસ્વામીએ કહ્યું, મારા ધર્મગુરુ ભગવાન મહાવીરસ્વામી શ્રીવન ઉદ્યાનમાં બિરાજમાન છે, અમે ત્યાં રહીએ છીએ.

ગૌતમસ્વામી સાથે અતિમુકતકકુમાર પણ પ્રભુના દર્શન કરવા આવ્યા. પ્રભુનો ઉપદેશ સાંભળી તેઓ દીક્ષા લેવા તૈયાર થયા અને માતા–પિતા પાસે આજ્ઞા માંગી. માતા–પિતાએ કહ્યું, તું હજું બાળક છો, દીક્ષાની વાતો તું શું જાણે ? ત્યારે અતિમુકતકે કહ્યું હું જે જાણું છું, તે નથી જાણતો અને જે નથી જાણતો, તે જાણું છું. ગૂઢાર્થને સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું કે જન્મે છે તે અવશ્ય મરે છે, તે જાણું છું પણ કયારે, કયાં મરવાનું છે, તે હું જાણતો નથી. કયા કર્મોથી નરકાદિ ગતિમાં જીવ ઉત્પન્ન થાય છે, તે હું જાણતો

નથી પણ એટલું જરૂર જાણું છું કે જીવ પોતાના કર્માનુસાર વિવિધ ગતિઓમાં પરિભ્રમણ કરે છે. અતિમુકતકને સમજાવવામાં સફળ ન થયા ત્યારે માતા-પિતાએ દીક્ષા માટે આજ્ઞા આપી અને અતિમુકતકુમારે દીક્ષા અંગીકાર કરી.

એકદા મહાવર્ષા વરસ્યા બાદ બાલમુનિ બહાર સ્થંડિલે ગયા, ત્યાં પાણીનું નાનું ખાબોચિયું જોયું. બાળસહજ ભાવે પાણીમાં પાત્રું મૂકી નાવ તરાવવા લાગ્યા. આ જોઈ શ્રમણ મુનિઓ ત્યાંથી ચાલ્યા ગયા અને ભગવાન પાસે આવીને પૂછયું અતિમુકતક શ્રમણ કેટલા ભવે સિદ્ધ થશે ? પ્રભુએ કહ્યું, આજ ભવમાં સિદ્ધ થશે. તમે અતિમુકતક મુનિની નિંદા-હીલના, ગર્હા અપમાન કરશો નહી. તેમની વિનયપૂર્વક વૈયાવચ્ચ (સેવા) કરો. તે ચરમ શરીરી છે. અતિમુકતક મુનિ અનેક વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી વિપુલગિરિ પર સંથારો કરી સિદ્ધ થયા.

**અલક્ષ** - વારાણસી નગરીના અલક્ષ રાજા પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય વાસિત બની, જયેષ્ઠ પુત્રને રાજય સોંપી દીક્ષિત થયા. ૧૧ અંગનું અધ્યયન કરી, વિપુલગિરિ પર સંથારો કરી, સિદ્ધ ગતિને પામ્યા.

## સાતમો વર્ગ

આ વર્ગના ૧૩ અધ્યયનમાં શ્રેણિક રાજાની તેર

રાણીઓનું જીવન વર્ણન છે. રાજગૃહીના શ્રેણિક રાજાની ૧) નંદા, ૨) નંદવતી, ૩) નદોત્તરા, ૪) નંદશ્રેણિકા, ૫) મરુતા, ૬) સુમરુતા, ૭) મહામરુતા, ૮) મરુદેવા, ૯) ભદ્રા, ૧૦) સુભદ્રા, ૧૧) સુજાતા, ૧૨) સુમનાયિકા, ૧૩) ભૂતદત્તા નામની તેર રાણીઓ ભગવાન પાસે દીક્ષિત થઈ, ૨૦ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી, કર્મોનો અંત કરી મોક્ષે ગયા.

## આઠમો વર્ગ

આ વર્ગના ૧૦ અધ્યયનમાં કાલિ આદિ રાણીઓના સંયમ-તપનું વર્ણન છે. શ્રેણિક રાજાની ૧) કાલી, ૨) સુકાલી, ૩) મહાકાલી, ૪) કૃષ્ણા, ૫) સુકૃષ્ણા, ૬) મહાકૃષ્ણા, ૭) વીરકૃષ્ણા, ૮) રામકૃષ્ણા, ૯) પિતૃસેનકૃષ્ણા અને ૧૦) મહાસેનકૃષ્ણા, આ દસ રાણીઓએ આર્યાચંદના પાસે દીક્ષા અંગીકાર કરી, અગિયાર અંગોનું અધ્યયન કર્યું. તેઓએ વિવિધ પ્રકારના તપ કર્યા હતા.

કાલીઆર્યાએ ૫ વર્ષ-૨ માસ-૨૮ દિવસમાં ચાર વાર **રત્નાવલીતપ** કર્યું. રત્નાવલી તપમાં એક ઉપવાસ-પારણું, બે ઉપવાસ-પારણું, ત્રણ ઉપવાસ-પારણું કરી આઠ છઠ કરીને પછી ક્રમશઃ એક થી સોળ ઉપવાસ સુધી ચડવાનું હોય છે. પછી ૩૪ છઠ કરી ઉતરતા ક્રમે સોળથી એક ઉપવાસ કરી આઠ છઠ

અને તત્પશ્ચાત્ અટ્ઠમ, છઠ, એક ઉપવાસ કરી તપ પૂર્ણ કરવામાં આવે છે. તેમાં તેને ૪ વર્ષ, ૩ માસ અને ૬ દિવસના ઉપવાસ થાય છે. પ્રથમવારમાં સર્વરસમુકત આહારથી, બીજામાં વિગય રહિત, ત્રીજામાં લેપ રહિત અને ચોથીવારમાં આયંબિલથી પારણા કર્યા. સુકાલીઆર્યાએ ૫-વર્ષ, ૯-માસ અને ૧૮ દિવસમાં ચારવાર **કનકાવલીતપ** કર્યું. કનકાવલી તપમાં એક ઉપવાસ છઠ, અટ્ઠમ કરી પશ્ચાત્ આઠ અટ્ઠમ કરીને ચડતા ક્રમે એક ઉપવાસથી શરૂ કરી સોળ ઉપવાસ સુધી ચડવાનું હોય છે અને પછી ૩૪ અટ્ઠમ કરી ઉતરતા ક્રમે સોળ ઉપવાસથી એક ઉપવાસ સુધી ઉતરીને આઠ અટ્ઠમ કરીને પછી અટ્ઠમ, છઠ, ઉપવાસ કરી તપ પૂર્ણ કરવામાં આવે છે. તેમાં તેને ૪-વર્ષ, ૯-માસ અને ૨૬ દિવસના ઉપવાસ થયા. મહાકાલી આર્યાએ ૨-વર્ષ, ૨૮-દિવસમાં ચારવાર **લઘુસિંહ નિષ્ક્રીડિત તપ** કર્યું. લઘુસિંહ નિષ્ક્રીડિત તપમાં સિંહ જેમ ચાલતો હોય તો પાછળ જોતો જાય છે, તેમ પહેલાં કરેલા ઉપવાસનું પુનરાવર્તન કરી ક્રમશઃ આગળ વધવાનું હોય છે. એક ઉપવાસ- પારણું, બે ઉપવાસ-પારણું કર્યા પછી સીધા ત્રણ ઉપવાસ ન કરતા બે ઉપવાસ-પારણું, ચાર ઉપવાસ-પારણું કરે પછી ૩-૫, ૪-૬, ૫-૭, ૬-૮, ૭-૯, ૮ ઉપવાસ કરી ઉતરતા ક્રમમાં ૯-૭,

૮-૬, ૭-૫, ૬-૪, ૫-૩, ૪-૨, ૩-૧, ૨-૧ ઉપવાસ કરી તપ પૂર્ણ કરે છે. તેમાં તેને ૧-વર્ષ, ૮-માસ, ૧૬ દિવસના ઉપવાસ થયા. કૃષ્ણાઆર્યાએ ૬-વર્ષ, ૨-માસ અને ૧૨-દિવસમાં ચારવાર **મહાસિંહ નિષ્ક્રીડિતતપ** કર્યું. મહાસિંહ નિષ્ક્રીડિતતપમાં લઘુસિંહ નિષ્ક્રીડિત તપની જેમ આરાધના કરવાની હોય છે, પરંતુ તેમાં સોળ ઉપવાસ સુધી ચડવાનું હોય છે. તેમાં તેને ૫-વર્ષ, ૬-માસ, ૮-દિવસના ઉપવાસ થયા.

સુકૃષ્ણા આર્યાએ ૨૯૪ દિવસમાં **ચારભિક્ષુ પ્રતિમા તપ**નું આરાધન કર્યું. પ્રથમ સપ્ત સપ્તમિકા પ્રતિમામાં ૭-દિવસ એક દત્તિ, બીજા ૭-દિવસ બે-બે દત્તિ, ત્રીજા સાત દિવસ ત્રણ-ત્રણ દત્તિ એમ વધતા સાતમા ૭ દિવસ સાત-સાત દત્તી, કુલ ૪૯ દિવસમાં ૧૯૬ દત્તિ આહાર ગ્રહણ કર્યો. એક અખંડધારે પ્રાપ્ત થતાં આહારને એક દત્તિ આહાર કહે છે. અષ્ટઅષ્ટમિકા પ્રતિમામાં ૬૪-દિવસમાં ૨૮૮ દત્તિ, નવનવમિકા પ્રતિમામાં ૮૧ દિવસમાં ૪૦૫ દત્તિ અને દશદશમિકા પ્રતિમામાં ૧૦૦ દિવસમાં ૫૫૦ દત્તિ આહારની ગ્રહણ કરી. મહાકૃષ્ણા આર્યાએ ૧-વર્ષ, ૧-માસ, ૧૦-દિવસમાં ચારવાર **લઘુ સર્વતો ભદ્ર તપ** કર્યું. લઘુ સર્વતો ભદ્ર તપમાં એક થી પાંચના આંકની એવી રીતે ગોઠવણી હોય છે કે ચારે બાજુથી કે ક્રોસમાં પાંચ લાઈનના

આંકનો સરવાળો પંદરનો થાય અને તેમાં પંદરીયા યંત્રના આંક પ્રમાણે ઉપવાસ કરવામાં આવે છે. તેમાં તેને ૮-માસ, ૨૦-દિવસના ઉપવાસ થયા. વીરસેન કૃષ્ણા આર્યાએ ૨-વર્ષ, ૮-માસ, ૨૦-દિવસમાં ચાર વાર **મહાસર્વતોભદ્રતપ** કર્યું. મહાસર્વતોભદ્ર તપમાં એક થી સાત આંકનો સરવાળો ૨૮ થાય, તે રીતે સાત લાઈનના અઠયાવીસ્યા આંક પ્રમાણે ઉપવાસ કરવામાં આવે છે. તેમાં તેને ૨-વર્ષ, ૨-માસ, ૪-દિવસના ઉપવાસ થયા. રામકૃષ્ણા આર્યાએ ૨-વર્ષ, ૨-માસ, ૨૦-દિવસમાં ચારવાર **ભદ્રોતર પ્રતિમા તપ** કર્યું. ભદ્રોતર પ્રતિમામાં ભદ્રા એટલે કલ્યાણ પ્રદાતા, ઉત્તર એટલે પરમ પ્રધાન. પરમ કલ્યાણપ્રદ આ પ્રતિમાને ભદ્રોતર પ્રતિમા કહે છે. તેમાં ૫ થી ૯ આંકની પાંચ લાઈનની ગોઠવણીમાં ચારેબાજુ અને ક્રોસ લાઈનનો સરવાળો ૩૫ થાય છે. આ પાંત્રીસ્યા યંત્રના આંક પ્રમાણે ઉપવાસ કરવામાં આવે છે. તેમાં તેને ૧-વર્ષ, ૧૧-માસ, ૧૦-દિવસના ઉપવાસ થયા. પિતૃસેન કૃષ્ણાએ ૩-વર્ષ, ૧૦-માસમાં ચારવાર **મુકતાવલીતપ** કર્યું. મુકતાવલી તપમાં એક ઉપવાસ-પારણું, બે ઉપવાસ-પારણું, એક-બે, એક-ત્રણ, આ રીતે ૧૬ સુધી ચઢીને પછી ક્રમશઃ ૧-૧૫, ૧-૧૪ તેમ ઉતરવાનું હોય છે. તેમાં તેને ૩-વર્ષ, ૨-માસના

ઉપવાસ થયા. મહાસેન કૃષ્ણા આર્યાએ ૧૪-વર્ષ, ૩-માસ, ૨૦-દિવસમાં **વર્ધમાન આયંબિલતપ** ની આરાધના કરી. તેમાં એક આયંબિલ- ઉપવાસ, બે આયંબિલ-ઉપવાસ, તેમ સો આયંબિલ સુધી ચઢવાનું હોય છે. તેમાં તેને ૧૪-વર્ષ, ૧૦-દિવસની આયંબિલ અને ૧૦૦ ઉપવાસ થયા.

કાલી આર્યાએ ૮-વર્ષ, સુકાલી આર્યાએ ૯-વર્ષ, આ રીતે ૧૦, ૧૧ વર્ષ ક્રમશઃ મહાસેન કૃષ્ણાએ ૧૭ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કરી, તે સર્વ આર્યાઓ એક મહિનાનો સંથારો કરી સર્વકર્મનો ક્ષય કરી, સિદ્ધગતિને પ્રાપ્ત થયા.

## શ્રીઅનુત્તરોવવાઈ સૂત્ર

શ્રી અનુત્તરોવવાઈદશા - અનુત્તરોપપાતિક દશા સૂત્ર નવમું અંગ સૂત્ર છે. તેમાં સંયમ અને તપની સાધના દ્વારા અનુત્તરવિમાનમાં ગયેલા ૩૩ મહાપુરુષોનું જીવન કથન છે. જે ભવ્ય જીવ પોતાના વર્તમાનભવમાં કર્મોનો સંપૂર્ણરૂપે ક્ષય કરવામાં અસમર્થ બને, તેઓ આ જન્મ પછી અનુત્તર વિમાનોમાં પરમ શાતાવેદનીયજનિત સુખોનો અનુભવ કરી, આગામીભવમાં નિર્વાણપદની પ્રાપ્તિ કરે છે. અનુત્તરવિમાનમાં દેવરૂપે ઉપપાત-ઉત્પન્ન થવાય તેવી દશા-અવસ્થાનું વર્ણન આ શાસ્ત્રમાં છે.

## પ્રથમ વર્ગ

આ વર્ગના દશ અધ્યયનમાં શ્રેણિક રાજાના દશ પુત્રોનું વર્ણન છે. રાજગૃહી નગરમાં શ્રેણિક રાજા અને ધારિણીદેવીના ૧) જાલિકુમાર, ૨) મયાલિકુમાર, ૩) ઉપજાલિકુમાર, ૪) પુરુષસેન, ૫) વારિષેણ, ૬) દીર્ઘદંત, ૭) લષ્ટદંત અને ૮) શ્રેણિક રાજા અને ચેલણાના પુત્ર વેહલ્લકુમાર, ૯) વેહાયસકુમાર તથા શ્રેણિકરાજા અને નંદાદેવીના પુત્ર અભયકુમાર, આ દશ પુત્રોનું અહીં વર્ણન છે.

તે સર્વ ભાઈઓના વિવાહ આઠ-આઠ કન્યાઓ સાથે થયા, તત્પશ્ચાત્ ભગવાન મહાવીરસ્વામીની દેશના સાંભળી વૈરાગ્યવાસિત થયા અને ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી અગિયાર અંગના જ્ઞાતા થયા. ગુણરત્નસંવત્સર તપ કર્યું. પ્રથમ પાંચ મુનિઓ ૧૬ વર્ષની સંયમ પર્યાયનું, પછીના ત્રણ શ્રમણો ૧૨-વર્ષની અને અંતિમ બે શ્રમણો પાંચ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી વિપુલગિરિ ઉપર એક માસનું અનશન કરી જાલિમુનિ વિજય, મયાલિમુનિ વૈજયંત, ઉપજાલિમુનિ જયંત, પુરુષસેનમુનિ, અપરાજિત, વારિષેણમુનિ અને દીર્ઘદંતમુનિ સર્વાર્થસિદ્ધ વિમાનમાં, અભયકુમાર મુનિ વિજય વિમાનમાં અને શેષ

ત્રણમુનિ અપરાજિતાદિ અનુત્તર વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંનું ૩૨ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

## બીજો વર્ગ

આ વર્ગના તેર અધ્યયનમાં શ્રેણિક રાજા અને ધારિણી દેવીના તેર પુત્રોનું વર્ણન છે. ૧) દીર્ઘસેન ૨) મહાસેન ૩) લષ્ઠદંત ૪) ગૂઢદત ૫) શુદ્ધદંત ૬) હલ્લ ૭) દ્રુમ ૮) દ્રુમસેન ૯) મહાસેન ૧૦) સિંહ ૧૧) સિંહસેન ૧૨) મહાસિંહસેન ૧૩) પુણ્યસેન. આ સર્વે ભાઈઓએ ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી, નિરતિચાર સંયમનું પાલન કરી, એક માસનું અનશન કરી અનુતર વિમાનમાં ઉત્પન્ન થયા છે. મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ, બુદ્ધ મુકત થશે.

## ત્રીજો વર્ગ

આ વર્ગના દશ અધ્યયનમાં દશ સાર્થવાહ પુત્રોનું વર્ણન છે. ૧) ધન્ય ૨) સુનક્ષત્ર ૩) ઋષિદાસ ૪) પેલ્લક ૫) રામપુત્ર ૬) ચંદ્રિમ ૭) પુષ્ટિમ (૮) પેઢાલપુત્ર ૯) પોટિલ્લ ૧૦) વિહલ્લ.

**ધન્યકુમાર** – કાંકદી નગરીમાં જિતશત્રુરાજાનું રાજય ચાલતું

હતું. તે સમયે તે નગરીમાં ભદ્રા નામના સાર્થવાહી રહેતા હતા. તેમને ધન્યકુમાર નામનો પુત્ર હતો. ધન્યકુમાર શુભલક્ષણોથી યુકત હતો. તેની આકૃતિ સૌમ્ય, મનોહર હતી. કાળક્રમે તેઓ ૭૨ કળાઓમાં પારંગત બની ગયા અને ભોગ ભોગવવાના સામર્થ્યવાળી યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા.

એક દિવસ ભદ્રા સાર્થવાહીએ બત્રીસ શ્રેષ્ઠી કન્યાઓ સાથે ધન્યકુમારના વિવાહ કરાવ્યા અને તેઓ મનુષ્યસંબંધી સુખ ભોગવતાં રહ્યા. એકદા સમયે ભગવાન મહાવીર સ્વામીની દેશના સાંભળી ધન્યકુમારને વૈરાગ્યભાવ જાગૃત થયો અને દીક્ષા માટે માતાની આજ્ઞા લેવા આવ્યા.

ધન્યકુમારની દીક્ષા ભાવનાની વાત સાંભળતા જ માતા મૂર્ચ્છિત થઈ ગયા. તત્પશ્ચાત્ ધન્યકુમારને દીક્ષા લેતાં રોકવા અનેક પ્રકારના પ્રયત્ન કર્યા પણ તેમાં સફળ ન થયા ત્યારે તેને ધન્યકુમારને પ્રવ્રજયા લેવાની આજ્ઞા આપી. જિતશત્રુ રાજા પાસે ભદ્રા સાર્થવાહી એ છત્ર, ચામર આદિની યાચના કરી ત્યારે જિતશત્રુ રાજાએ સ્વયં પોતે ધન્યકુમારની દીક્ષા કરવાનું કહ્યું અને તે રીતે ધન્યકુમારનો દીક્ષા મહોત્સવ કર્યો.

ધન્યમુનિએ દીક્ષાના દિવસથી જ નિરંતર છઠની

તપશ્ચર્યા અને પારણાના દિવસે આયંબિલ તપ કરવાનો સંકલ્પ કર્યો. ગવેષણાના દોષ રહિત શુદ્ધ ગવેષણા કરતાં કયારેક આહાર મળે તો પાણી ન મળે, કયારેક પાણી મળે તો આહાર ન મળે છતાં તેઓ પ્રસન્ન ચિત્તે સાધનામાં રત રહેતા. તેમણે અગિયાર અંગ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. મહાન, મંગલકારી તપથી શરીર સુકાઈ ગયું, હાડકાં દેખાવા લાગ્યા, નસેનસ દેખાવા લાગી, સૂકા લાકડાની ગાડી, કોલસાની ગાડી ચાલે ત્યારે ખડખડ અવાજ કરે તેમ ધન્ય અણગાર ચાલે, ઊભા થાય, બેસે ત્યારે તેમના હાડકાં ખડખડ અવાજ કરવા લાગ્યા. શરીર હાડપિંજર બની ગયું પણ તેઓ તપ તેજથી અત્યંત શોભતા હતા. વૃક્ષની સૂકાયેલી ડાળ જેવા પગ સૂકાઈ ગયા, મગ, વટાણાની સીંગ તડકામાં સૂકવવાથી સૂકાઈ જાય, તેમ તેમના પગની આંગળીઓ સુકાઈ ગઈ હતી. કાક વગેરે પક્ષીની પગની જંઘાની જેમ ધન્યમુનિની જંઘા રૂક્ષ અને નિર્માંસ બની ગઈ. સુકાયેલી મશક કે લોઢીની જેમ પેટમાં ખાડો પડી ગયો, તેમાં માંસ ન રહ્યું, રકાબીની પંકિતમાં રકાબી ગણી શકાય તેમ ધન્યમુનિની પાંસળીઓ ગણી શકાતી હતી. મુગટની કિનારીના ભાગ, લાખના લખોટાની પંકિતની જેમ ધન્યમુનિના કરોડરજ્જુના મણકા દેખાવા લાગ્યા. વાંસની ટોપલીનો નીચેનો

ભાગ કે વાંસના પંખાની જેમ તેમની છાતી સપાટ બની ગઈ હતી. વડ કે પલાશના સૂકાં પાંદડાની જેમ તેમના હાથ સુકાઈ ગયા હતા. ઘડાની ગ્રીવા, સુરાઈની ગ્રીવાની જેમ તેની ગ્રીવા માંસ અને રકતથી રહિત થઈ ગઈ હતી. બીજોરા, મૂળાની લાંબી સુધારેલી ચીર તડકામાં સુકાઈને કરમાઈ જાય તેમ તેના નાક, હોઠ સૂકાઈ ગયા હતા.

એકદા ભગવાન મહાવીર સ્વામીને શ્રેણિક રાજાએ પૂછ્યું – પ્રભુ ! આપના ચૌદ હજાર શ્રમણોમાં મહાનિર્જરા અને મહાદુષ્કર તપ કરનાર કોણ છે ? ભગવાને ઉત્તર આપતા કહ્યું કે મારા ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર મહાદુષ્કર, મહાનિર્જરા કરનારા છે. શ્રેણિક – ભંતે ! આપે કંઈ દષ્ટિથી ધન્ય અણગારને મહાદુષ્કર, મહાનિર્જરા કરનારા કહ્યા ? ભગવાન – હે શ્રેણિક ! કાંકદી નગરીના ધન્યકુમાર, દીક્ષા લઈને છઠના પારણે છઠ અને પારણાના દિવસે આયંબિલ તથા ઉગ્રતપશ્ચર્યા કરતાં તેમનું શરીર કૃશ કાય બની ગયું અને તેમનો આત્મા તપથી તેજસ્વી બની ગયો. તેમના તપની દષ્ટિથી કહું છું કે તેઓ મહાદુષ્કર, મહાનિર્જરા કરનારા છે.

ધન્ય અણગાર માટેના ભગવાનના પ્રશંસનીય ઉદ્‌ગારો

સાંભળી શ્રેણિક રાજા હર્ષિત બની ધન્ય અણગાર સમીપે જઈને, તેઓને વંદન નમસ્કાર કરી, તેમના તપને ઘણા ધન્યવાદ આપ્યા.

યથા સમયે વિપુલગિરિ ઉપર જઈને ધન્ય અણગારે સંથારો અંગીકાર કર્યો. ધન્ય અણગાર નવ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કરી, એક માસનો સંથારો કરી, સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. દેવભવની ૩૩ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી સિદ્ધ થશે.

**સુનક્ષત્ર અણગાર** – કાંકદી નગરીના ભદ્રા સાર્થવાહીના પુત્ર સુનક્ષત્રકુમારના વિવાહ ૩૨ કન્યાઓ સાથે થયા. ધન્યકુમારની જેમ જ સુનક્ષત્રકુમારે ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી, ૧૧ અંગનો અભ્યાસ કર્યો અને છઠના પારણે છઠનો અને પારણામાં આયંબિલ કરવાનો અભિગ્રહ ધારણ કર્યો. સુનક્ષત્ર અણગારે ઘણા વર્ષ સંયમનું પાલન કરી, એક માસનો સંથારો કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા અને મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થશે.

શેષ સર્વે ધન્યકુમારની જેમ જ દીક્ષિત થયા, સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા અને મહાવિદેહમાંથી સિદ્ધ થશે. અલગ–અલગ ગામનાં હોવા છતાં ધન્યાદિ નવની માતા

ભદ્રા સાર્થવાહી હતી. તેમની દીક્ષા માતાએ કરી અને વેહલ્લની દીક્ષા તેના પિતાએ કરી. ધન્ય મુનિની દીક્ષા પર્યાય નવ વર્ષની થઈ, શેષ સર્વની દીક્ષાપર્યાય ઘણા વર્ષની થઈ.

ત્યારે સર્વત્ર સુમુખ ગાથાપતિનો જયજયકાર થવા લાગ્યો. આ વિશુદ્ધ ભાવનાથી, શુદ્ધ આહારદાનથી સુમુખ ગાથાપતિએ ભવભ્રમણની પરંપરાને સીમિત કરી અને મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો.

સેંકડો વર્ષોનું આયુષ્ય પૂર્ણ કરીને સુમુખ ગાથાપતિએ સુબાહુકુમાર રૂપે જન્મ ધારણ કર્યો છે, પુણ્ય પ્રભાવે તેમણે મનોહર રૂપ અને સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે.

તે વર્ષો સુધી શ્રાવકવ્રતનું પાલન કરશે, ત્યાર પછી પ્રભુ સમીપે સંયમનો સ્વીકાર કરશે. સંયમ-તપનું પાલન કરીને દેવલોકમાં જન્મ ધારણ કરશે અને પંદરમાભવે સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ રીતે શેષ અધ્યયનનું વર્ણન જાણવું.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
   શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
   શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
   શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
   શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
   શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
   શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
   શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
   શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
   શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
   શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
   શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
   શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

## સૌજન્ય

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

## પ્રાપ્તિ સ્થાન

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમતઃ રૂ. 300/- ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-